647510 **BA06GujC022A** **Seat No :________**

# B.A. Semester - 6 (*CBCS*) Examination
# March/April-2025 (NEW COURSE)
# GUJ P22 Apathit: Kavya No Aswad (Core -22 (New))

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેનામાંથી કોઈપણ એક કાવ્યનો આસ્વાદ કરો. (૧૪)

સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું, ફળિયું લઈને ચાલે.
પાદર બેસી ફફળી ઊઠતી ઘરચોળાની ભાત,
ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત.
પૈંડું સીંચતાં રસ્તો આખો કોલાહલમાં ખૂંપે.
શૈશવથી ચીતરેલી શેરી, સૂનકારમાં ડૂબે.
જાન વળાવી પાછો વળતો દીવડો થરથર કંપે.
ખડકી પાસે ઊભો રહીને અજવાળાને ઝંખે.
સમી સાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘકતી મ્હાલે,
કેસરિયાળો સાફો ઘરનું ફરિયું લઈને ચાલે.

- અનિલ જોશી

અથવા

મારી આંખે કંકુના સૂરજ આથમ્યા
મારી વેલ શંગારો વીરા, શગને સંકોરો
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા....
પીળે રે પાંદે લીલા ઘોડા ડૂબ્યા;
ડૂબ્યાં અલકતાં રાજ, ડૂબ્યાં મલકતાં કાજ
રે હણહણતી મેં સાંભળી સુવાસ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મને રોકે પંછાયો એક ચોકમાં;
અડધા બોલે ઝાલ્યો, અડધો ઝાંઝરથી ઝાલ્યો
મને વાગે સજીવી હળવાશ !
મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...

- રાવજી પટેલ

પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઈપણ એક ગદ્યખંડનું વિવરણ કરો. (૧૪)

જ્યાં સરસતા જ પરબ્રહ્મ છે. રસિકતા જ ગુરૂ છે. જ્યાં રસાસ્વાદ જ પૂજા પૂજકને અધિકાર અર્પે છે તે કલા અને સાહિત્યના મંદિરમાં બીજા દેવોની પૂજા અસ્થાને થાય છે અને આનંદપ્રાપ્તિના નિર્માણમાં અંતરાયરૂપ થઈ પડે છે; અને આ વિષકન્યાની વાત ગમે તેવી મીઠી અને આકર્ષક લાગે, પણ તેનો સ્પર્શ વિષ પ્રસારવાનો છે અને એ વિષ રસાસ્વાદ અને રસદ્રષ્ટિ બંનેને નિશ્ચેતન કરે છે.

- કનૈયાલાલ મુનશી

અથવા

પ્રતીક એ વાચકને ગૂંચવવા કોઈ બુદ્ધિશાળીએ રચેલો કોયડો નથી.અલબત્ત,અકવિઓ તેનો એવો ઉપયોગ કરે છે. પ્રતીક સાચા અર્થમાં,કવિના અનુભવજગત સુધી પહોંચવા માટેના દ્વારની ગરજ સારે છે. પ્રતીક કવિને ઘણીવાર તેની પોતાની ચેતનાના વિસ્તારમાંથી મળે છે. તો કોઈવાર સાહિત્ય અને સંસ્કૃતિના વારસામાંથી સાંપડે છે...પ્રત્યેક પ્રતીક પાછળ પણ સામાજિક,સાંસ્કૃતિક અને ઐતિહાસિક પ્રણાલિકા રહેલી છે. પ્રતીક આખરે કવિતાને માટે છે; કવિતા પ્રતીક માટે નથી.જેને શોધવા નીકળવું પડે એ પ્રતીક નથી. જે આપમેળે ઊગી નીકળે તે પ્રતીક છે.

- હરીન્દ્ર દવે

પ્રશ્ન-૩ નીચેનામાંથી કોઈપણ એક(૧) નિબંધ લખો. (૧૪)

(૧) સામાજિક દૂષણો અને સમાજનું નવનિર્માણ

(૨) મારો પ્રિય સાહિત્યકાર

પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઈપણ એક(૧) વિશે વિસ્તૃત નોંધ લખો. (૧૪)

(૧) આજનું શિક્ષણ દશા અને દિશા

(૨) વર્તમાન શિક્ષણપ્રથા અને વિદ્યાર્થી અજંપો

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઈપણ બે(૨) ના જવાબ આપો. (૧૪)

(૧) તમારા વિસ્તારમાં ફેલાયેલ ગંદકી દૂર કરવા અંગે નગરપાલિકાના અધિકારીને અરજી લખો.

(૨) તમારી સંસ્થામાં યોજાયેલ રક્તદાન શિબિરનો અહેવાલ લખો.

(૩) 'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી' - ઇન્દિરા ગાંધી(અર્થવિસ્તાર કરો.)

(૪) "મને એ જોઈને હસવું હજાર વાર આવે છે,
પ્રભુ તારા બનાવેલાં આજે તને બનાવે છે." આ પંક્તિનો વિચાર-વિસ્તાર કરો

**************************